આ સ્થાનને મેળવો
આપની જાહેરખબર માટે
તદન ઓછા ભાવે...
આજે જ
સંપર્ક કરો,,,
M:9377124582

|| આય વલો અસાંજો વતન, મૂંજી માતૃભૂમિ કે નમન ||

Fortnightly E-Magazine

વડોદરાના કચ્છીઓનું

# સમાજ-દર્શન


પખવાડિક ઈ-મેગેઝિન

વર્ષ: ૨ • અંક: ૭ • સળંગ અંક: ૩૧ • ૧૦ મે, ૨૦૨૫, શનિવાર • કુલ પાનાં: ૧૦ • કિંમત: નિ:શુલ્ક

Vadodarana Kutchionu Samaj Darshan • Mob: 9377124582 • Email: samajdarshan.mail@gmail.com

આપના મોબાઈલ પર આ અંકો નિયમિતરૂપે મેળવવા ગ્રુપ જોઈન કરવા અહીં ક્લિક કરો.

## શ્રી કચ્છી લોહાણા મહાજન, વડોદરા




વડોદરા શહેરમાં વિદેશમાં અભ્યાસ કરવા માંગતા વિદ્યાર્થીઓની મોટી સંખ્યા રહે છે, જેમાંના મોટે ભાગે ઉચ્ચ અભ્યાસ માટે વિદેશ જતા હોય છે. આવા વિદ્યાર્થીઓને કયા દેશમાં અભ્યાસ માટે જવું ? કયા દેશમાં કઇ શાખા કે લાઇન પકડવી ? ક્યાં કેટલી સુવિધા છે ? કયા કયા કોર્સીસ ત્યાં ઉપલબ્ધ છે ? ત્યાં કેટલો ખર્ચ આવશે ? કઇ યુનિવર્સીટી તમને યોગ્ય છે ? આવા અનેક પ્રશ્નોના ઉત્તરો શોધતા વિદ્યાર્થીઓની સાથે સાથે મા-બાપ માટે પણ માથાનો દુ:ખાવો બનતો હોય છે.

વડોદરામાં આવા વિદ્યાર્થીઓને ગાઇડ કરતી અનેક સંસ્થાઓ છે. આવી જ એક સંસ્થા ‘ગ્લોબલ કૉલિઅન્સ’ ના નામે અલકાપુરીમાં સ્થિત છે જેના કર્તાહર્તા છે એક કચ્છી યુવાન !

કેમ ! મુંઝાઇ ગયા ? જી, હા. છેલ્લા ૧૭ વર્ષથી વિદેશમાં જવા માંગતા વિદ્યાર્થીઓને વિદેશમાં અભ્યાસાર્થે ગાઇડ લાઇન આપતી આ સંસ્થા ચલાવે છે જયભાઇ કમલેશ રૂપારેલ. તેઓ શ્રી કચ્છી લોહાણા મહાજન, વડોદરાના હાલના પ્રમુખ સી.એ. કમલેશભાઇ રૂપારેલના સુપુત્ર છે. તેઓ કચ્છ કોઠારાના વતની છે.

આ વર્ષે રવિવાર તા. ૧૧મી મેના રોજ ‘ગ્લોબલ કૉલિઅન્સ’ તરફથી આવા વિદેશમાં અભ્યાસ કરવા ઇચ્છુક તથા ત્યાંના અભ્યાસ તથા કોલેજો માટે જરૂરી માહિતી મેળવવા ઇચ્છુક વિદ્યાર્થીઓ માટે આ એક "World Education Expo"નું આયોજન વડોદરાની વિખ્યાત ગ્રાન્ડ મર્ક્યુરી હોટલમાં કરવામાં આવેલ છે.

આ એક્સપોમાં ૧૦ દેશોની ૧૦૦ ઉપરાંત યુનિવર્સીટીના ૨૫૦૦ ઉપરાંત કોર્સીસની માહિતી ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ માટે અગાઉથી રજીસ્ટ્રેશન કરીને વિદ્યાર્થીને તેમની કાબેલિયત અનુસાર કયા દેશમાં શું અને ક્યાં ભણવું તે નક્કી કરવાનો મોકો મળશે.

આ એક્સપોનું આયોજન તદન ફ્રી માં રાખવામાં આવેલ છે અને ત્યાં ગાઇડન્સ મેળવનાર વિદ્યાર્થી ઇચ્છે તો તેમના આગામી કાર્યક્રમ માટે ‘ગ્લોબલ કૉલિઅન્સ’ની મદદ લઇ શકે છે. વડોદરાના કચ્છી સમાજોના વિદ્યાર્થીઓ આનો લાભ લઇ શકે તે હેતુથી દરેક સમાજમાં આની જાણ કરવામાં આવેલ.

એક કચ્છી યુવાનને આવા અનોખા કાર્યક્રમના આયોજન માટે દરેક કચ્છી સમાજ તરફથી શુભેચ્છાઓ સહ અભિનંદન પાઠવીએ.

## શ્રી ક.દ.ઓ.જૈન સમાજ, વડોદરા

શ્રી કચ્છી દશા ઓસવાલ સમાજના શ્રી કે.ડી.ઓ.જૈન વિમલ મહિલા મંડળની બહેનો દ્વારા હાલમાં રાજેશભાઇ મોતા (ટીકીટારવાળા)ના નવા નૂતનીકરણ પામેલ બંગલામાં સ્નાત્રપૂજા તથા ગૃહપ્રવેશ પૂજાનું આયોજન કરવામાં આવેલ હતું.

જ્ઞાતિની વિવિધ ધાર્મિક તથા સામાજીક પ્રવૃતિઓમાં આ મહિલા મંડળ હંમેશા સક્રીય ભાગ લઇને સમાજમાં તથા નાના બાળકોમાં ધાર્મિક સંસ્કારોનું સિંચન કરવામાં અગત્યનો ફાળો આપતું આવેલ છે.





# મારું વડોદરા... પ્યારું વડોદરા...

**આ ઈ-મેગેઝીનની શરૂઆત થઇ ત્યારથી જ વડોદરા વિષે જાણકારી આપતા લેખ આપવાની ઈચ્છા હતી પરંતુ પાનાની મર્યાદાના કારણે એ કાર્ય આજે શરૂ કરી શક્યા છીએ. વડોદરાની અનેક વિગતો, તેના ઈતિહાસથી માંડીને વર્તમાન સુધીની વાતો આપણે આ પાના પર માણીશું. આશા છે બધાને ગમશે અને ખાસ કરીને આપણાં બહારગામના વાચકોને માટે તે કંઇક વિશેષ માહિતી પુરી પાડશે.**

ઇતિહાસ:

ભારતમાં પશ્ચિમ ભાગમાં વિશ્વામિત્રી નદીના કિનારે આવેલ વડોદરા ગુજરાતનું સંસ્કારી નગર મનાય છે. મુંબઇ – અમદાવાદને જોડતું મહત્વનું જંક્શન પુરાણા જમાનામાં વડપદ્રક નામથી જાણીતા નગરનો ભાગ મનાય છે. આ સ્થાને પ્રાગૈતિહાસિક યુગમાં પણ માનવ વસવાટ હતો અહીંથી મળેલા અવશેષો દર્શાવે છે.

શક સંવત ૭૩૪માં વડપદ્રકને રાષ્ટ્રકુટ કુળના રાજા કર્કસુવર્ણ વર્ષે ભાનુ નામના બ્રાહ્મણને દાનમાં આપ્યાનો ઉલ્લેખ છે. પાંચમી સદીના અંત સુધી વડોદરા ગુપ્ત વંશના રાજાઓના હાથમાં અને ત્યારબાદ ચાલુક્ય વંશ અને રાષ્ટ્રકુટ વંશના હાથ હશે એમ એ સમયગાળા દરમિયાન જૈન દેવી-દેવતાઓની મળેલી પ્રતિમાઓ દર્શાવે છે જે હાલ વડોદરા મ્યુઝિયમમાં પ્રદર્શિત છે.

૧૬મી સદીની શરૂઆતમાં મહંમદ બેગડાના પુત્ર મુઝફ્ફરખાને જૂના વડોદરાનો પાયો નાખ્યો. ચાર દરવાજા વચ્ચેનું આ નગર કિલ્લા-એ-દૌલતાબાદ તરીકે ઓળખાતું હતું. ઇ.સ. ૧૭૩૪માં વડોદરા મરાઠાઓના હાથમાં આવ્યું ત્યારથી ગાયકવાડના તાબામાં રહ્યું. શ્રીમંત મહારાજા સયાજીરાવ ગાયકવાડના શાસનકાળ દરમ્યાન વડોદરાનો ખૂબ વિકાસ થયો જેને કારણે આજના વડોદરાની ઓળખ ઊભી થઇ. અનેક સુધારાઓ સાથે વિવિધ લલિત કલાઓને ખૂબ પ્રોત્સાહન મળતા વડોદરાને અનેક કવિઓ, સંગીતજ્ઞો, શિલ્પીઓ, પંડીતો મળ્યા.

વિશ્વ વિખ્યાત શિક્ષણ સંસ્થાઓ, વિશાળ બાગ-બગીચાઓ, ભવ્ય રાજમહેલો, ઔદ્યોગિક એકમો અને ભારતભરના લોકોનો ફાળો વડોદરાના ભવ્ય ભૂતકાળ અને વિશિષ્ટ વર્તમાનમાં છે.

ભૌગોલિક રીતે નર્મદા અને મહી નદી વચ્ચેના ફળદ્રુપ પ્રદેશમાં વસેલું વડોદરા ૨૨૦૧૭''૫૯' અક્ષાંશ અને ૭૩૦૧૫''૧૮' રેખાંશ ઉપર આવેલ એક સમશિતોષ્ણ શહેર છે.

અહીંનું સ્થાનિક વહીવટ વડોદરા મહાનગર પાલિકા ચલાવે છે. ૨૦૨૧ની ગણતરીના આધારે શહેરની વસ્તી ૧૭,૪૧,૭૯૧ જેવી છે. અહીંની મુલાકાત લેવાનો આદર્શ સમય ઓક્ટો. થી જાન્યુ. છે. વડોદરાના જોવાલાયક સ્થળોની સંક્ષિપ્ત માહિતી નીચે આપેલ છે. :-

લક્ષ્મી વિલાસ પેલેસ:



મહારાજા સયાજીરાવ ગાયકવાડ ત્રીજાનું ખાનગી નિવાસસ્થાન, 'લક્ષ્મી વિલાસ પેલેસ' વડોદરામાં જોવાલાયક સૌથી ભવ્ય સ્થળોમાંનું એક છે. વિશ્વના સૌથી મોટા ખાનગી નિવાસસ્થાન તરીકે જાણીતો આ મહેલ બકિંગહામ પેલેસ કરતા ચાર ગણો મોટો છે અને ૫૦૦ એકરમાં ફેલાયેલ છે. મહેલના પરિસરમાં મોતીબાગ પેલેસ, ગોલ્ફ કોર્સ, રાજા રવિવર્માના ચિત્રોનું સંગ્રહસ્થાન મહારાજા ફતેહસિંહ મ્યુઝિયમ વિગેરે જોવા જેવા છે. મહેલની સ્થાપત્ય ઇન્ડો-સેરેસેનિક રિવાઇવલ શૈલીમાં ડિઝાઇન કરવામાં આવી હતી. દિવસ દરમ્યાન મુલાકાત પ્રવેશ ફી ચૂકવી લઇ શકાય છે.

સયાજી ગાર્ડન કે કમાટી બાગ:



કમાટી બાગ સમગ્ર ભારતના સૌથી મોટા જાહેર બગીચાઓમાંનું એક છે જે ૧૦૦ એકરમાં ફેલાયેલ છે. અહીં આશરે ૯૮ પ્રજાતિઓના વૃક્ષો અને અનેક વનસ્પતિઓ સાથે ભારતની સૌથી મોટી ફૂલોની ઘડિયાળ પણ છે. બગીચાના વિશાળ પરિસરમાં સરદાર પટેલ પ્લેનેટેરિયમ, બરોડા મ્યુઝિયમ, ઝુ, ટોય ટ્રેન જેવા અનેક આકર્ષણ છે. ટોય ટ્રેન અને ઝુ ગુરૂવારે બંધ રહે છે.

બરોડા મ્યુઝિયમ અને પિક્ચર ગેલેરી:




કમાટી બાગમાં આવેલ બરોડા મ્યુઝિયમ અને પિક્ચર ગેલેરી જોવા લાયક છે. મહારાજા સયાજીરાવ દ્વારા વિવિધ વિષયોના શિક્ષણ માટે બનાવવામાં આવેલ. આ એક મરાઠા ને યુરોપિયન ડિઝાઇનનું સુંદર સ્થાપત્ય છે. અહીં પ્રાગૈતિહાસિક યુગથી આધુનિક સમય સુધીની અનેક યુરોપીયન અને ઇસ્લામિક કૃતિઓ પણ રાખવામાં આવેલ છે. ઉપરાંત અહીં ઓસ્ટિઓલોજી, ભૂસ્તરશાસ્ત્ર, માનવશાસ્ત્ર, પેલેઓન્ટોલોજી, ભૂગોળ, ભૂસ્તરશાસ્ત્ર વિષયક અનેક જાણકારીઓ મળે છે. વડોદરાનું આ એક ખૂબ જ આકર્ષક સ્થળોમાંનું એક છે.

કીર્તિ મંદિર:

ગાયકવાડ વંશના સમાધિસ્થાન તરીકે બાંધવામાં આવેલ, કીર્તિ મંદિર અથવા ખ્યાતિનું મંદિર મહારાજા સયાજીરાવ


વડોદરાના કચ્છીઓનું
સમાજ-દર્શન
કચ્છી સાહિત્ય તથા કચ્છની અનોખી માહિતી સાથે ગુજરાતીમાં સંસ્કારી સાહિત્યની સિલેક્ટેડ કૃતિઓનો અદભૂત ખજાનો
આપના મોબાઈલ પર નિયમિત ધોરણે અંકો મેળવવા
અહીં ક્લિક કરો



હાર્દિક શુભેચ્છાઓ સહ
રામજીભાઈ કેસરીયા
MICROFINE PRODUCTS
Mfg. of :
Bushes, Dowel Pins, Precision Components.
CNC Turned and Ground Shafts
797, GIDC Industrial Estate, Makarpura, Vadodara - 390010. GUJ.
Email : microfineproducts@gmail.com, microfineproducts@yahoo.com
Mob: +91 85111 63773

મકાન – ફ્લેટસ્ – ટેનામેન્ટસ્
બંગલોઝ – પેન્ટ હાઉસ
લેવા – ભાડે આપવા માટે...
આજે જ સંપર્ક કરો ...



રીદ્ધી એસ્ટેટ એજન્સી
ગોત્રી રોડ, વડોદરા.
રમેશ ટી. ઠક્કર
મો : ૯૨૨૮૨૯૧૧૭૦, ૯૬૬૨૩૮૭૭૧૧



ગાયકવાડ ત્રીજા દ્વારા ૧૯૩૬માં બનાવવામાં આવ્યું હતું. આ ઇમારત સ્થાપત્ય વૈભવથી ભરપૂર છે તથા ૩૫ ફૂટ ઊંચાઇ ધરાવતો કોતરણીવાળો શિખર આકર્ષણનું કેન્દ્ર છે. શિખરમાં સૂર્ય, ચંદ્ર અને પૃથ્વીની કોતરણી અને અવિભાજિત ભારતના નકશાનો સમાવેશ થાય છે. અંદર ઉત્કૃષ્ટ ચિત્રો અને ભીંતચિત્રોનો વિશાળ સંગ્રહ છે, જેમાં નંદલાલ બોઝ જેવા કલાકારોના કાર્યોનો સમાવેશ થાય છે. કીર્તિ મંદિરનો મધ્ય હોલ સંગીત-કલા સમારોહ માટે ઉપયોગમાં લેવાય છે.

સરદાર પટેલ પ્લેનેટોરિયમ:

સરદાર પટેલ પ્લેનેટોરિયમ વડોદરાના સયાજી બાગમાં સ્થિત છે. એક ગુંબજ આકારના આ થિયેટરમાં તમને બાહ્ય અવકાશ, ગ્રહોના પરિભ્રમણ, આકાશ વિશેના વિડિઓઝ વગેરે દર્શાવતા શો પ્લેનેટોરિયમ ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી એમ ત્રણ



ભાષાઓમાં રજૂ કરે છે. બાળકો સહ મોટાઓ માટે પ્લેનેટોરિયમ એક જોવાલાયક આકર્ષક સ્થળ છે. અહીં ઉચ્ચ શક્તિવાળા ટેલિસ્કોપ છે જે મુલાકાતીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બને છે.

શ્રી અરવિંદ આશ્રમ:

વડોદરામાં દાંડિયા બજાર સ્થિત અરવિંદો આશ્રમ, જેને અરવિંદો નિવાસ તરીકે પણ ઓળખવામાં આવે છે જ્યાં શ્રી અરવિંદ ૧૮૯૪ થી ૧૯૦૬ દરમિયાન રહ્યા હતા. આશ્રમના શ્રી



અરવિંદના અવશેષો, તેમના વિશે લખાયેલ દુર્લભ પુસ્તકોનો છે. આશ્રમનું ધ્યાનખંડ ધ્યાનના શોખીનો માટે ખુલ્લા રખાય છે.

મહારાજા ફતેહસિંહ મ્યુઝિયમ:




લક્ષ્મી વિલાસ પેલેસના પરિસરમાં પ્રતિષ્ઠિત મહારાજા ફતેહસિંહ મ્યુઝિયમ આવેલ છે. અહીંના ભવ્ય માળખામાં રાજા રવિ વર્મા, રાફેલ, ટિટિયન અને મુરિલો જેવા પ્રતિષ્ઠિત કલાકારો દ્વારા બનાવવામાં આવેલ મૂલ્યવાન કૃતિઓનું પ્રદર્શન છે. મ્યુઝિયમમાં એક દુર્લભ આકર્ષણ તરીકે ચીન, જાપાન ને યુરોપના અનેક દેશોના આરસપહાણનો વિશાળ સંગ્રહ છે. અહીંના કાંસ્ય અને આરસપહાણની શિલ્પો પણ અદભૂત છે. હોલને શણગારે છે. કલાપ્રેમી માટે આ મ્યુઝિયમ એક લોકપ્રિય પર્યટન સ્થળ છે.

(વધુ આવતા અંકોમાં...)

(સંદર્ભ : ઇન્ટરનેટ, વડોદરા મ.ન.પા.ની ડાયરી, વિકીપીડીયા)

Kala Craft
Traditional & Creative Craft Collection





Kala Craft
5, B.N.Chambers, Opp. Welcome Hotel
R.C.Dutt Road, Alkapuri, Vadodara, Guj
Mobile: 9624018211









વડોદરાના બધા કચ્છી સમાજોને
રૂપારેલ પરિવાર તરફથી
હાર્દિક શુભેચ્છાઓ...

કમલેશભાઇ રૂપારેલ
જયભાઇ રૂપારેલ
ખુશ્બુ રૂપારેલ
હિત રૂપારેલ
તથા
સમગ્ર પરિવાર
તરફથી
ખૂબ ખૂબ વધાઇઓ

કચ્છ કોઠારા- વડોદરા

## ટચૂકડી જા.ખ.ના RATES

પ્રથમ ૨૦ શબ્દોના રૂા.૧૦૦ (ફિક્સ)ગણાશે. Englishના shortform ને આખો શબ્દ ગણવામાં આવશે. (2 BHK એટલે ૨ નહીં પણ ૪ શબ્દ) હેડીંગના રૂા. ૧૦/- એકસ્ટ્રા થશે. ૨૦ શબ્દ પછીના વધારાના શબ્દ દીઠ રૂા. ૩/-

જાહેરખબર દર મહિનાની ૧૦મી તથા ૨૫મી તારીખ સુધી જ મોકલવી. જાહેરાતનું લખાણ whatsApp No. 9377124582 પર કે samajdarshan.mail@gmail.com પર મોકલવું. પેમેન્ટ GPay, PhonePe, Paytm પર કે UPI id: npbaroda@icici પર પણ મોકલાવી શકો છો.

## BOX

**Advertise Rate**

DISPLAY BOX

Size : 82 x 72 mm

Rate: 200/-

(For 6 Mo./ 12 Ads. Rs. 1000/- and For 12 Mo./ 24 Ads. Rs. 1900/- only)

ONLY TEXT MATTER, LOGO ETC. WILL BE XTRA DIFFERENT MATTER CAN BE SET FOR DFFERENT ADVTS.

This E-Magazine is edited & published by Navin Patel of Vee Kraft at D/116, Vallabh Vihar Complex, Nr. Mahavir Hall, Ajwa Road, Vadodara 390019, GUJ for Mrs. V. N. Patel, owner & residing at same address as above.

આ અખબારમાં પ્રગટ થતી જાહેરાત બાબતે પેમેન્ટ મોકલતા પહેલા, કોઈ પ્રકારના કરાર પહેલા અમારી સાથે પૂછપરછ કરવી. અહીં આવતી કોઈપણ પ્રોડક્ટ કે સર્વિસીસ વિશે જે દાવો કરવામાં આવે છે તે વિશે જે તે જાહેરાત આપનાર જવાબદાર છે અને કોઈપણ બાબત માટે આ E-magazine 'વડોદરાનું કચ્છીઓનું સમાજ દર્શન' ના માલિક,તંત્રી કે પ્રકાશક જવાબદાર નહીં ગણાય.

*Zalak Maheshwari*

M :9662 42 41 40

VARIANT Cooking & Baking Classes

*New Vision & New Varieties*



*B-318, Neelkanth Palace, Opp. Seema Hall, 100 Feet Road,Satelite, Ahmedabad - 380015*

*Website : www.variantclass.in*

*Email: variantclass@gmail.com*



*Varsha Patel*

*M: 9426326389*

SINCE 1995 VARIANT COOKING CLASSES

*Certificate Course*

*A Culinary Art Class*

*Regd. with DIC, Vadodara (Govt. of Gujarat)*

D/116, Vallabh Vihar-B,
Near Mahavir Hall,
Ajwa Raod, Vadodara - 390019.
Website: www.variantclass.in
Email: variantclass@gmail.com

વડોદરાના કચ્છીઓનું

# સમાજ-દર્શન

**મલ્ટી કલર ડીજીટલ જાહેરખબર**

આખા પાનાની જાહેરાત ફક્ત રૂા. ૭૯૨/- માં*

અડધા પાનાની જાહેરાત ફક્ત રૂા. ૩૯૬/- માં*

પા પાનાની જાહેરાત ફક્ત રૂા. ૧૮૮/- માં*

*(૧ વર્ષ = ૨૪ અંક માટેના ૧ જાહેરાતના ભાવ)

## ધંધાકીય

આપ કોઈપણ પ્રકારના અન્ય ધંધા કે દુકાન ધરાવતા હો કે કોઇ આઈટેમનું માર્કેટિંગ કરતા હો તો આપના ધંધાકીય વિકાસ માટે આપની જાહેરાત આપો અને વડોદરાના કચ્છીઓને તેની જાણ કરો. અમને ખાત્રી છે આપના આ કાર્યમાં સહાયતા મળશે.

## વડોદરામાં ફ્લેટ વેચવાનો છે

મહાવીર હોલ નજીક, આજવા રોડના શાંત વિસ્તારમાં 2 BHK સેમી ફર્નીશ્ડ, A/C, Fridge, નાનું કબાટ, દિવાન વિગેરે સાથે, ૩જા માળે, લિફ્ટ નથી, હાલમાં રીનોવેટ કરાવેલ વેલ મેઈન્ટેડ ફ્લેટ, ફક્ત ૧૬ લાખમાં, તુરંત કબજો, ૭૫૦ કારપેટ, ૨૪ કલાક પાણી, મેઈન રોડ ટચ. 2 WC-Bathroom, Vitrified Tiles, Granite Kitchen, Some Fixed Furniture, સ્કુલ, દેરાસર, હવેલી, મંદિર, હોસ્પીટલ, શાક માર્કેટ નજીક. Airport 5, Station 7, NH8 bypass 3 km. CALL : 9377124582

## કચ્છ અને કચ્છીયતના બે સુંદર સાહિત્યિક સામાયિકો

### કચ્છ-અર્પણ

કચ્છીઓને સમર્પિત દ્વિમાસિક

**Advt.Tariff for E Magazine 'Kutch-Arpan'**

*(bimonthly e-magazine)*

| | 1 Month | 1 YEAR |
|---|---|---|
| FULL PAGE | 2,000 | 10,000 |
| HALF PAGE | 1,000 | 5,000 |
| QTR. PAGE | 500 | 2,500 |
| DISPLAY AD | | 1,000 |

### વડોદરાના કચ્છીઓનું સમાજ-દર્શન

એક મજાનું પખવાડિક

દર મહિનાના ૨જા ને ૪થા શનિવારે

**SPECIAL OFFER For Advt.**

*(2 ISSUES PER MONTH)*

*(50% Off + Extra Discounts)*

| | 6 Months | 12 Months |
|---|---|---|
| FULL PAGE (2000 per advt) | 10,000 | 18,000 |
| HALF PAGE (1000 per advt) | 5,000 | 9,500 |
| QTR. PAGE (500 per advt) | 2,400 | 4,500 |
| DISPLAY Ad (250 per advt) | 1,000 | 1,800 |

વાચક વર્ગ 10,000 + ઉપરાંત છે...જાહેરાતના ભાવ અન્ય કરતા સાવ ઓછા...

મેગેઝીનની ક્વોલિટી 4.6 + rated on E- survey

સુંદર સાત્વિક સાહિત્યનો ખજાનો... અમારા આ મેગેઝીનો...

## Color Advertisement Rates :

Front Page Premium Rates : Rs. 3000 (FULL PAGE ONLY)

| INSIDE PAGES | RATES (Rs.) | SIZE (in cms.) |
|---|---|---|
| FULL PAGE | 2000 | 25 (W) x 31 (H) |
| HALF PAGE | 1000 | 25 (W) x 15 (H) |
| QUARTER PAGE | 500 | 12 (W) x 15 (H) |
| DISPLAY BOX | 300 | 8.2 (W) x 7.2 (H) |

*(Design charges : Full page Rs. 300/-, Half page Rs. 250/-, Qtr. page Rs. 200/-)*

સમાજની જાહેરખબર, અવસાન કે પ્રાર્થના કે શ્રદ્ધાંજલી જાહેરખબર પર ૫૦% ડિસ્કાઉન્ટ

ભારતીય પરંપરા મુજબ મહત્વપૂર્ણ કાર્યો જેવા કે ભૂમિપૂજન, જમીન ખનન, કૂવા ખનન, શિલાન્યાસ, ગૃહપ્રવેશ જેવા પ્રસંગે વાસ્તુદેવની પૂજા કરાય છે. અહીં વાસ્તુ શાસ્ત્રની દષ્ટિએ નિષ્ણાતો દ્વારા ઉપલબ્ધ વિવિધ નિયમોની માહિતી આપીશું. 'વાસ્તુ શાસ્ત્ર' મોટે ભાગે આપણાં વસવાટ તથા વહેવારના સ્થાનોમાં 'વસ્તુઓ' ક્યાં ગોઠવવી તે દર્શાવે છે. આશા છે અત્રે આપવામાં આવતી માહિતી આપને ઉપયોગી નિવડશે. વાસ્તુ શાસ્ત્રને સમજવા દિશાનું જ્ઞાન હોવું જરૂરી છે તેથી ચારે દિશા – પૂર્વ (East), પશ્ચિમ (West), ઉત્તર (North) તથા દક્ષિણ (South) અને ચારે ખૂણા એટલે કે ઈશાન (NE), અગ્નિ (SE), નૈઋત્ય (SW) ને વાયવ્ય (NW) હોકાયંત્રની મદદથી માપીને વાસ્તુશાસ્ત્રને અપનાવવું જોઈએ.

# તમારી ઘડિયાળ વાસ્તુશાસ્ત્રના આધારે



આજકાલ બધા કહેતા થયા છે કે હવે મોબાઇલ આવતા ઘડિયાળનું શું કામ છે ? પણ એક સંશોધન મુજબ ઘડિયાળ પહેરવાનો તથા ઘરમાં લગાડવાનો નવો ટ્રેન્ડ શરૂ થઇ ગયેલ છે અને હવે નવી નવી ઘડિયાળોની સાથે જુની 'એન્ટીક' ઘડિયાળો પણ બધે દેખાવા લાગી છે તથા યુવાન પેઢીમાં તો 'સ્માર્ટ વોચ'ની સાથે કાંડા ઘડિયાળ પહેરવાની ફેશન પણ ચાલી રહલ છે. તો ચાલો આજે જાણીએ ઘરની દિવાલ ઘડિયાળ અને વાસ્તુનું કનેક્શન...

મોબાઇલ ફોન આવવા છતાં ઘરની વોલ ક્લોકે પોતાનુ આકર્ષણ, મૂલ્યને જાળવી રાખ્યું છે. સમયનું ધ્યાન રાખતા ઘડિયાળોમાં સજાવટ અને કલાનું સમન્વય થતા જે સુંદરતા નીખરી ઉઠી છે તે અકલ્પનીય છે. ઘડિયાળના મામલે દરેક જણની પોતાની પસંદગી હોઇ શકે. તમારા ઘરના દરેક સભ્યમાં તેના વિકલ્પ અલગ અલગ હોઇ શકે પરંતુ તમે કોઇપણ 'સમય દર્શાવતું યંત્ર' પસંદ કરો, ઘડિયાળ પર લાગૂ થનારા વાસ્તુ શાસ્ત્રના નિયમ બધા માટે એક સરખાજ રહે છે.

આ દિવાલની ઘડિયાળના વાસ્તુ નિયમ ઘરમાં નકારાત્મક ઉર્જાને ઓછું કરવા અને સકારાત્મક ઉર્જા વધારવા માટે તેની યોગ્ય દિશાની ઉપર નિર્ધારિત છે. વોલ ક્લોક કે દિવાલની ઘડિયાળ લગાડવા માટે અહીં કેટલીક ટિપ્સ આપેલ છે.

દિશા:

દિવાલ ઘડિયાળ લગાવવા માટે આદર્શ દિશા ઉત્તર કે પૂર્વની દિવાલ છે. આ બન્ને દિશાઓને શુભ માનવામાં આવે છે અને માનવામાં આવે છે કે આ દિશાઓ સકારાત્મક ઉર્જાને આકર્ષિત કરે છે. સામાન્ય રીતે દક્ષિણ અને પશ્ચિમ દિશાની દિવાલો પર ઘડિયાળ લગાવવાથી બચવાની સલાહ આપવામાં આવે છે. એવું માનવામાં આવે છે કે આ દિશાઓ સમયને નુકશાન પહોંચાડે છે અને ઘરમાં પ્રવેશતા ઉર્જાના સકારાત્મક પ્રવાહને અવરોધે છે.

ઊંચાઇ:

દિવાલની ઘડિયાળને યોગ્ય ઊંચાઇ પર લટકાવવી જોઇએ. તમે જ્યારે ખુરશી કે સોફા પર બેઠા હો ત્યારે તે તમારી આંખોના લેવલ પર દેખાય તેમ હોય તો તે આદર્શ મનાય છે. ઘડિયાળને ખૂબ નીચે કે ખૂબ ઉપર મુકવાથી બચો.

ઘડિયાળની ગતિ:



સામાન્યત: ઘડિયાળ જેમ ફરે છે તેને દક્ષિણાવર્ત ગતિ કહે છે. ઘણાં પ્રયોગાત્મક ઘડિયાળને ઊંધી દિશામાં ફરતા પણ બનાવવામાં આવે છે તેનાથી બચવું જોઇએ. દક્ષિણાવર્ત ગતિ જીવનમાં પ્રગતિ અને આગળ વધવાનું પ્રતિક છે. તેનાથી ઉલ્ટી દિશા એટલે કે વામાવર્ત ગતિ તથા અનિયમિત રીતે મોટા અવાજે ટિકટિક કરનારી ઘડિયાળના ઉપયોગ કરવાથી બચવું જોઇએ.

તૂટેલી કે બંધ પડેલી ઘડિયાળની તુરંત યોગ્ય રીતે મરમ્મત કરવી જોઇએ. ઘરમાં તૂટેલી કે બંધ પડેલી ઘડિયાળને અશુભ માનવામાં આવે છે, જાણે કે તમારો સમય અટકી જાય છે અને નકારાત્મક ઉર્જા લાવી શકે છે. તેને બેટરી દ્વારા કે ચાવી દ્વારા તુરંત ચાલુ કરવી જોઇએ.

બેડરૂમમાં ઘડિયાળ:

બેડરૂમમાં ખાસ કરીને પથારી તરફથી તે દેખાય તે રીતે દિવાલ પર ઘડિયાળ લગાવવાનો પ્રયત્ન થાય છે. જો તમારા બેડરૂમમાં ઘડિયાળ છે તો તેને એવા સ્થાન પર મુકો જ્યાંથી તે પથારીમાંથી ડાયરેક્ટ દેખાય નહી.

સ્વચ્છતા:

ઘરની દિવાલ ઘડિયાળને હંમેશા સ્વચ્છ અને સુવ્યવસ્થિત રાખો. ઘડિયાળ પર લાગેલી ધૂળ અને ગંદકી સકારાત્મક ઉર્જાના પ્રવાહમાં અવરોધ નાખી શકે છે.

ઘડિયાળનો રંગ:

એવા રંગોવાળી દિવાલ ઘડિયાળ પસંદ કરો જે સુખદાયક અને સકારાત્મક હોય. વધુ પડતા ડાર્ક અને ફીક્કા રંગોથી બચો કેમ કે તેવા રંગો સમગ્ર ઉર્જાને નુકશાન પહોંચાડી શકે છે.

---

વડોદરાના કચ્છી સમાજોના વિવિધ પરિક્ષાઓમાં સફળ થયેલ વિદ્યાર્થીઓને

## ખૂબ ખૂબ અભિનંદન



**ચિ. મેઘ હેમેનભાઇ રાણા**

(કચ્છ ગામ: ભુજ)

ધો: ૧૨ના વિજ્ઞાન પ્રવાહમાં ૯૭.૧૮% (પર્સેન્ટાઇલ) માર્કસ મેળવી તેમણે તેમના પરિવાર તથા શ્રી કચ્છી વડનાગરા નાગર સમાજને ગૌરવ અપાવેલ છે.



**ચિ. કુંજ પરેશભાઇ પઢારિયા**

(કચ્છ ગામ: ખેડોઇ)

ધો: ૧૦માં ૯૨.૩૬% (પર્સેન્ટાઇલ) માર્કસ મેળવી તેમણે તેમના પરિવાર તથા શ્રી કચ્છી લુહાર સમાજને ગૌરવ અપાવેલ છે.

અહીં વડોદરામાં વસતા કચ્છી સમાજોના S.S.C. તથા તેની ઉપરની પરિક્ષાઓમાં હાલમાં સફળતા પ્રાપ્ત કરતા વિદ્યાર્થીઓની માહિતી ફોટા સહ નિ:શુલ્ક છાપવામાં આવે છે. સંપર્ક : *9377124582*

કચ્છી લોકસાહિત્યની કથા: ૧૯

# સુંદરજી સોદાગર

ગતાંકથી આગળ... લેખક – દુલેરાય કારાણીના પુસ્તક 'કચ્છની રસધાર'માંથી સાભાર

ટીપુ સુલતાન અને અંગ્રેજો વચ્ચેના ઘર્ષણનો સુંદરજીએ પૂરેપૂરો લાભ લીધો. તેણે વહાણો ભરીને બંને પક્ષને પુષ્કળ નફાથી ઘોડા વેચવા માંડ્યા.

સુંદરજીનું ઝાઝું અક્ષરજ્ઞાન ન હતું પણ તેનામાં ભણતર કરતાં ગણતર વધુ હતું. તેણે અંગ્રેજ સરકારના અધિકારીઓમાં ખૂબ પ્રતિષ્ઠા જમાવી. તેના ઘોડાનો વ્યાપાર સાથે તેણે હવે બીજા વેપારો પણ ખેડવા માંડ્યા. મુંબઇ, અમદાવાદ, મૈસુર, માંગરોળ, પૂના, કુમઠા, કાલીકટ, મલબાર, વડોદરા, રાજકોટ, ધોરાજી, જોડીઆ, નવાનગર તેમ જ કચ્છ અને સિંધમાં મોટામોટા સ્થળોમાં તેણે પોતાની પેઢીઓ ખોલવા માંડી. એનો વેપાર ધમધોકાર ચાલવા લાગ્યો. સુંદરજીનો સિતારો દિવસે-દિવસે બુલંદ થતો ગયો. એક વખતનો જુગારી સુંધો હવે સુંદરજી સોદાગરના માનવંતા નામથી દેશ-વિદેશમાં પ્રખ્યાત થઇ ગયો.

અંગ્રેજ સરકાર અને લખનૌના નવાબ વચ્ચે થોડો વખત વિગ્રહ ચાલ્યો હતો, પણ આખરે સમાધાન થયું. આ સમાધાનીના સુલેહના કરારો માટે ચાર અંગ્રેજ અમલદારો અને એક દેશી અમલદારની નિમણૂંક કરવાની હતી. આ દેશી અમલદાર તરીકે બંને પક્ષની પસંદગી સુંદરજી શેઠ પર ઊતરી. સંધિમાં ૭૪ કલમોવાળો દસ્તાવેજ કરવામાં આવ્યો હતો. આ દસ્તાવેજની પ્રત્યેક કલમમાં સુંદરજીની સલાહ લેવામાં આવી હતી. સુંદરજી શેઠે પોતાની કુનેહ અને કાર્યકુશળતાથી બંને પક્ષોનું માન જળવાય એવો રસ્તો અપનાવ્યો હતો. સુંદરજીના આ કાર્યથી સંતુષ્ટ થઈને અંગ્રેજ સરકારે તેને માસિક બસો રૂપિયાનું પેન્શન કરી આપ્યું.

સુંદરજી શેઠ હવે રાજા-મહારાજાઓમાં પણ પૂજાવા લાગ્યા. સયાજીરાવ ગાયકવાડ (પહેલા)ના ભાઇ મલ્હારરાવ કડી પ્રાંત દબાવી બેઠા હતા, તે મેળવી આપવા સયાજીરાવે સુંદરજી શેઠની સહાય માગી. આ કાર્ય પાર પાડવા સુંદરજી શેઠે બ્રિટિશ સરકારનો આશરો લીધો અને અંગ્રેજોની લાગવગ લગાવી, કડી પ્રાંત તેમણે ગાયકવાડને અપાવી દીધો. સુંદરજી શેઠના આ સહકારના બદલામાં તેને ગાયકવાડ સરકાર તરફથી સારો લાભ આપવામાં આવ્યો હતો.

સંવત ૧૮૭૨માં કંપની સરકારે પેશ્વા બાજીરાવ બીજા પર ચડાઇ કરી ત્યારે સુંદરજી શેઠ પણ ત્યાં હતા. પેશ્વાની હાર થતાં કાઠિયાવાડની જમાબંધી સરકારને મળી. આ જમાબંધી ઉઘરાવવાનું કામ પણ સરકારે સુંદરજી શેઠને સોંપ્યું.

સુંદરજી શેઠના સહકારથી બ્રિટિશ સરકારે તેને નેટિવ એજન્ટની સનદ આપી. છડી, સવારી, પાલખી, મશાલ અને નેકીનો પરવાનો પણ શેઠને આપવામાં આવ્યો. ખર્ચ માટે માસિક સો રૂપિયા પણ આપવાનું નક્કી કરવામાં આવ્યું. હવે સુંદરજી શેઠ પૂરી જાહોજલાલીથી રજવાડી ઠાઠથી રહેવા લાગ્યા.

માળિયાના મિયાણા મોરબી ઠાકોરનાં ગામોમાં લૂંટફાટ મચાવતા હોવાથી ઠાકોરે સુંદરજી શેઠનો આશરો લેવા એમને બોલાવ્યા. સુંદરજી શેઠે ત્રણ લાખના ખરચે સરકારી પલટન બોલાવી, મિયાણાં ટોળીને માત કરી માળિયા પર મોરબી ઠાકોરની સત્તા જમાવી દીધી. આ કાર્યમાં થયેલા ખર્ચની રકમ સુંદરજી શેઠની હતી તેથી તેના પેટે ટંકારિયા પરગણું સુંદરજી શેઠ પાસે ગીરવી રખાયું ને પાંચ ગામો પણ એમને બક્ષિસમાં અપાયા.

પોરબંદરના રાણાનો મુલક તેના પ્રધાન પરમાનંદ ઠક્કરે મિયાણાઓની મદદથી પચાવી પાડેલો હોવાથી રાણાએ સુંદરજી શેઠની મદદ માગી. સુંદરજી શેઠે કર્નલ વોકરની સહાયથી એ મુલક પોરબંદરના રાણાને અપાવ્યો. આ કાર્યના બદલામાં પોરબંદરનો વહીવટ આઠ વરસની બંધીથી શેઠને સોંપવામાં આવ્યો. શેઠે બાર મહિના ત્યાં રહીને રાજ્યનું કામ થાળે પાડ્યું. ત્યાર બાદ પોતાના ભત્રીજાને તે કામ સોંપીને પોતે અન્ય કાર્યોમાં પરોવાયા.

જામનગરના સતાજીએ સુંદરજી શેઠના સાત ઘોડા બળજબરીથી આંચકી લીધેલા હોવાથી શેઠે ગાયકવાડી ફોજ લાવીને જામનગર પર ચડાઇ કરી.

જામ જસોજી શેઠની ઠેકડી ઉડાવતાં કહેતો હતો કે 'એ લૂગડાંનો રંગનારો ખત્રી મને શું કરવાનો હતો ?'

સુંદરજી શેઠે આ ઠેકડીના જવાબમાં જણાવ્યું કે, 'આ ખત્રીના રંગની છાપ એવી બેસી જશે કે જીવનપર્યંત નહિ નીકળે.' આખરે જામનગર સાથે લડાઇ થઇ, જસોજી હાર્યા અને દશ લાખ રૂપિયા દંડ ભરવાની શરતે સુલેહના કરાર થયા. આ રકમ જસોજી પાસે ન હોવાથી જોડીઆ અને બાળંભા એ બે પરગણાં તેણે સુંદરજી શેઠ પાસે ગીરવી મૂકીને રૂપિયા લીધા અને બીજાં ચાર ગામો શેઠને બક્ષિસમાં આપ્યાં.

સુંદરજી શેઠ જે કામ હાથમાં લે તેને પૂરું કર્યા વિના છોડે જ નહિ એવા આગ્રહી હતા. સતત પુરૂષાર્થને કારણે કરોડાધિપતિ બની ગયા હતા. તેમના માટે કોઇ કામ માટેની આળસ એ ગુનો હતો. તેમણે સખાવતનાં પણ અનેક કામો કર્યા. અનેક ધર્મશાળાઓ, મંદિરો અને સદાવ્રતો સ્થાપી તેમાં લાખો રૂપિયા તેમણે ખર્ચ્યા હતા.

બેટ દ્વારિકામાં મોટો યજ્ઞ કરીને હજારો બ્રાહ્મણોને તેમણે વરણીમાં બેસાડ્યા હતા. ૧૨૫ મણ ઘી આ યજ્ઞમાં હોમવામાં આવ્યું હતું. કચ્છના મહારાઓ ભારમલજીએ પણ સુંદરજી શેઠની મદદ માગી હતી. સુંદરજી શેઠે બ્રિટિશ લશકરની મદદથી રાજ્યના હાથમાંથી નીકળી ગયેલો પ્રદેશ એને સ્વાધીન કરાવ્યો હતો.

સુંદરજી શેઠે સેંકડો માણસોના સંઘ સાથે બદ્રીનારાયણ, કેદારનાથ, હરદ્વાર વગેરેની યાત્રાઓ કરી ત્યાં હજારો સાધુસંતોને જમાડ્યા હતા. યાત્રા પૂરી કરીને સુંદરજી શેઠ જોડીઆ આવ્યા ત્યારે તેમને અભિનંદન આપવા જામનગરથી રણમલ્લ જામ, રાજકોટથી ઠાકોર નભોજી, ધ્રોળના ધણી ભૂપતસંગજી, ભાવનગરના વજેસંગજી, ગોંડલના ઠાકોર અને બીજા નાનામોટા મળી ૭૨ રાજવીઓ અને તાલુકદારો આવ્યા હતા.

સંવત ૧૮૬૯માં કચ્છમાં મોટો દુકાળ પડયો એ વખતે સુંદરજી શેઠે મોટા ખરચે ઠેરઠેર રસોડાં ચાલુ કરીને અનેક ગરીબોને દુકાળના પંજામાંથી ઉગારી લીધા હતા. સુંદરજી શેઠની ગુંદિયાળીની ડેલીમાંથી દરેક અભ્યાગતને સીધાના સામાન ઉપરાંત એક ધાબળો અને એક લોટો આપવામાં આવતો હતો.

કુંભનો મોટો મેળો દર બાર વરસે ભરાય છે. આ મેળામાં લાખો યાત્રાળુઓ અને સાધુસંતો આવે છે. આ તમામ યાત્રાળુઓને સુંદરજી શેઠે ચાર દિવસ ઉત્તમ પ્રકારનાં ભોજનો જમાડયાં હતાં. કહેવાય છે કે પાંચેક હજાર વરસ પહેલાં આવો ભંડારો કાં તો પાંડવોએ કર્યો હતો અને કાં તો કચ્છના દાનવીર શેઠ સુંદરજીએ કર્યો હતો.

સુંદરજી શેઠે ગિરનારના ડુંગર ઉપર છેક ગુરૂ દત્તાત્રેયના શિખર સુધી પાકાં પગથિયાં બંધાવ્યાં અને દામોદર કુંડની પાળ પણ સુંદરજી શેઠે બંધાવી હતી. કચ્છમાં નારાયણસરોવર, કોટેશ્વર, આસાર માતા, રાણેશ્વર, નાગનાથ વગેરે મંદિરોનો જિર્ણોદ્ધાર સુંદરજી શેઠે કરાવ્યો હતો. ઉપરાંત કચ્છમાં તેમણે ધીણોધર પર ધોરમનાથ, રાવળ પીર, કલ્યાણેશ્વર, નીલકંઠ મહાદેવ, વોંધમાં જડેશ્વર મહાદેવ વગેરે અનેક મંદિરો બંધાવ્યાં હતાં.

આ ધર્મપરાયણ, રાજનીતિજ્ઞ અને વ્યાપારકુશળ સુંદરજી સોદાગરે સંવત ૧૮૭૮ના ફાગણ વદ ૧૨ના રોજ બપોરના ૧૧ વાગે દેહ મૂક્યો. એમના અવસાન પછી કાઠિયાવાડનાં જે-જે ગામો એમની પાસે ગીરવી હતાં તે અને એમને મળેલાં બીજાં ઇનામી ગામો તે તે ગામોના રાજવીઓએ પાછાં ખેંચી લીધાં. અનેક રાજારજવાડાઓ પરનું લાખો રૂપિયાનું એમનું દેવું આમ જ ડૂબી ગયું.

સુંદરજી શેઠ કચ્છના એક મહાપુરૂષ હતા. ભાગ્યશાળી હતા, મોટા દાતાર અને ધર્માત્મા હતા. કંપની સરકારના તો જમણા હાથ જેવા હતા. કચ્છના માટે કીર્તિકળશ સમા હતા. એમનાં બંધાવેલાં અનેક ધામો એમના ઉજ્જવળ નામની યાદી આપી રહ્યાં છે અને હંમેશા આપતાં રહેશે.

કચ્છી કવિતા

## ગુલામી કે આઝાધી !

હથૈસેં મરૈતી,
ક લતેં સેં મરૈતી.
દેશજી રૈયથ,
મતેં સે મરૈતી,
નજર સામે કુરજીને
ફકીર થીએ છતાં !
પંજે સેં ન મરે,
તાં સતેંસેં મરૈતી !
નીયા પણ કેં વટ,
ગિનણ વિને વિચાડી,
ઈનસાફમેં તાં
ખૌટે ખતેંસેં મરૈતી.
ઘરમેં જ કોક કેંકે
ભચાઈધલ નાંય
માડી તાં રુઈ રુગેં,
રતેં સેં મરૈતી !
'તેજ' ગુલામી કે આઝાધી,
સમજણ નતી પૈ
સામી થીએ તાં સતા
જે પતે સેં મરૈતી !

કવિ તેજપાલ ધારશી 'તેજ'ના પુસ્તક 'તેજવાણી'માંથી

કચ્છી લોકસાહિત્ય : 'પિરૂલી': ૩૧

## જોંઆણ જોધા જોરાતા, કરીયેં તાણોતાણ.
## યુવાન યોદ્ધા જોરાતા, (એ) કરે તાણોતાણ.

લેખક : શ્રી લાલજીભાઈ મેવાડા 'સ્વપ્ન' મોઃ 8320313731

ગામમાં આજે લગ્ન પ્રસંગ હતો. પ્રેમજીશેઠના પુત્ર કમલેશના લગ્ન હતાં. માંડવો ગીતો તેમજ ઢોલ અને શરણાઇના સૂરોથી ગાજતું હતું. વિશાળ સામિયાણામાં સાજન-માજન કોણી કોણીને અડે એ રીતે ઠસોઠસ બેઠા હતાં. આંબા અને આસોપાલવના પાનનાં બનાવેલા તોરણ ગાભો અને મમુ બાંધી રહ્યાં હતાં. ગામ આખું અહીં ઠલવાયું હતું.

પુરૂષવર્ગમાં ચા-બીડી, સીગારેટની વહેંચણી ચાલુ હતી. જેની પાતળી ધૂમ્રસેરો કોઇ નૃત્યાંગનોના મરોડદાર અંગોની જેમે વળાંકો લેતી બેઠેલા પુરૂષવર્ગ પર ઝળુંબી રહી હતી. વરરાજાના સ્વાંગમાં કમલેશને તેના મામા-મામી માંડવામાં દોરી આવ્યા. ગોર મહારાજે હાથનો ઈશારો કરી બાજુમાં રાખેલી ખૂરસી પર બેસવા જણાવ્યું અને તેના બંને હાથ ખોળામાં મૂકાવી શ્રીફળ આપ્યું. મામીએ તેના પર કંકુથી સ્વસ્તિક અંકિત કર્યું કે મહિલાઓએ ગીત ઉપાડ્યું,

'લાખોપતિ રે, સાજન બેઠા માંડવે,

નાણાવટી રે સાજન બેઠા માંડવે.'

એક બાજુ પુરૂષ વર્ગ વાતે વળગ્યો છે, ઠઠ્ઠામશ્કરી અને ખિલમસ્તી થઇ રહી છે. સતીમાને ઓટલે દરરોજ ભેગા થતાં પિરૂલીના રસિયાઓ પોતાની રીતે સમૂહમાં બેઠા હતા અને સામતે આપેલી પિરૂલી દેવાએ ભાંગી નાખી એ વાત પર સહુ ખુશ હતાં. દેવાને હવે સામે બીજી પિરૂલી આપવા સહુ સામતને આગ્રહ કરી રહ્યાં હતાં એટલે સામતે કહ્યું સુણોઃ

ઘોંઘાટ [૧]થ્યો ગામમેં, જભરા [૨]આયા [૩]જાણ,
જોંઆણ [૪]જોધા જોરાતા, [૫]કરીયેં તાંણોતાંણ.
ભૂપ વડા ભેંજાર થ્યા, હઠમેં થ્યા હેરાણ,
[૬]ગુમંધા આયા [૭]ગુટિયા, શૂરા સુરત સુજાણ,
[૮]ખણી તાંણે તોડ઼ે વિધેં, નર નમાયેં નારાણ.
પધરી પિરૂલી 'કાનજી' [૯]ચે, [૧૦]ન્યાર્યો વેદ પુરાણ.

[૧]થયો, [૨]આવ્યા, [૩]જાણકાર, [૪]યોદ્ધા, [૫]કરે, [૬]ફરતા, [૭]મુખ્ય નાયક, [૮]ઉપાડી, [૯]કહે, [૧૦]જૂઓ.

આ પિરૂલી કાનજી કોચરા (મહેશ્વરી)ની છે, તેઓ એક સારા કવિ હતા ઘણો સમય ગાંધીધામમાં સ્થાયી હતાં. તેમણે ઘણી શાસ્ત્રીય તેમજ 'ડિઠોડી' પ્રકારની પિરૂલીઓની રચના કરી છે. સામતે સર્જક વિશે ત્રૂટક માહિતી આપી અને કહ્યું કે, 'આ પિરૂલી શાસ્ત્રીય છે અને તેની ખાણ-સીતોજ અને જરોજ છે.'

સહુ દેવા સામે જોવા માડ્યાં એટલે દેવાએ કહ્યું કે, 'દરેક પિરૂલી હું ભાંગી નાખું, એવી આશા રાખવી નહીં.'

સામત પોરસમાં હસ્યો. તે સમજી ગયો કે દેવો ભાંગી નહીં શકે, પણ ત્યાં પચાણભાઇને આવતા જોયા એટલે તે ઝંખવાઇ ગયો અને બેઠેલા બધાના મોઢા પર ખુશીની લહેર ફરી વળી. પચાણભાઇએ અભેસંગની બાજુમાં સ્થાન લીધું એટલે મમુએ કહ્યું, 'ફિરી સુણાય પચાણભા તેંર નં વા.'

એટલે સામતે તે પિરૂલી ફરી સંભળાવી. અને તેની ખાણ વિશે પણ માહિતી આપી.

પચાણભાઈ જવાબને પારખી ગયા હોય તેમ કહ્યું, 'આજે જેમ કમલેશના લગ્ન છે, તેમ તે દિવસે સીતાજીનો સ્વયંવર હતો.' સામતથી અનાયાસે તાડી પડાઈ ગઈ, મનમાં થયું કે, 'આ તો ભાંગી નાખી.' પણ તે ચૂપચાપ બેસી રહ્યો.

પચાણભાઇએ વાતને આગળ વધારતાં કહ્યું કે, 'જનકજીના નગરમાં સીતા સ્વયંવર હતો. આખા નગરને ખૂબ અને ખૂબી પૂર્વક શણગારવામાં આવ્યું છે. માનવ મેદની કીડિયારાને જેમ ઉભરાણી છે. રાજા મહારાજાઓ સ્વયંવરમાં સીતાજીને વરવા આવ્યા છે તો કોઇ ફક્ત જોવા પણ આવ્યા છે. વ્યવસ્થા જાળવવામાં પારંગત જનક રાજાના નગરજનો કંઇ કહેતાં કંઇ કચાસ રાખી નથી. જરકશી પોષાકમાં સજ્જ રાજાઓ એકબીજાથી રૂપાળા દેખાવા અવનવા વસ્ત્રો પરિધાન કર્યાં છે. સહુ પોતપોતાની રીતે એમ માને છે કે, 'ધનુષ તો હું ભાંગીશ અને હું જ ભાંગુ, બીજો નહીં.'

ઉપરોકત પિરૂલીમાં વર્ણસામિપ્ય અલંકાર સુપેરે પ્રયોજાયું છે, તો ધનુષ્ય ભાંગવા માટે કેવી હોડ મંડાણી છે, તે વાત માત્ર 'તાણોતાંણ' શબ્દમાં ઉચિત પ્રયોજાયેલી છે.

ત્રીજી પંક્તિમાં 'ભૂપ વડા ભેજાર થ્યા, હઠમેં થ્યા હેરાણ' માં રાજાઓ બળ કરી ઘણા હેરાન થયાં પણ ધનુષ્ય તો કોઇનાથી ડગતું પણ નથી. રાજા તેમ વધારે બળ કરે છે, એ ભય સાથે કે પોતાની હાંસી થશે, આમ હઠમાં હેરાન થાય છે ને વીલે મોઢે ધનુષ્ય ભાંગવા વિના પોતાના સ્થાને બેસી જાય છે. ઘણા રાજાઓ તો આ જોઇ ધનુષ્ય ભાંગવાનું માંડી વાળે છે.

અને પછી રામચંદ્રજી ધનુષ્ય ભાંગવા ઊભા થયા અને કવિ લખે છે કે, 'ખણી તાંણે તોડ઼ે વિધેં, નર નમાયેં નારાણ' અર્થાત્ રામચંદ્રજીએ ધનુષ્ય ઊપાડ્યું, તાણ્યું અને તોડી નાખ્યું. આ શબ્દો આ ક્રિયાની સાહજિકતા અને ગતિ બતાવે છે.

આ ઘટનાનું ગોસ્વામી તુલસીદાસજીએ રામચરિતમાનસમાં બહુ સુંદર વર્ણન કરતાં લખ્યું છે કે, 'લેત ચઢાવત ખૈંચત ગાઢેં, કાહું ન દેખ સબુ ઠાઢેં.' અર્થાત્ ધનુષ્યને ચઢાવતાં અને ખેંચતા કોઇ જોઇ શક્યા નહીં એટલી સ્ફૂર્તિથી શ્રીરામે ધનુષ્યભંગ કર્યો. આ કથનથી લોકકવિ સુપેરે પરિચિત છે એટલે એણે 'ખણી તાંણે તોડ઼ે વિધેં' જેવો વાક્ય પ્રયોગ કરી પિરૂલીમાં માનસને સમાવી લીધું છે.

પુસ્તક 'પિરૂલી પ્રધાનજી-૨'માંથી સાભાર

## કચ્છી મુકતક

કવિ-'તેજ'

'તેજ જો અવાજ - ૧' માંથી

સઉં હલે જ સિજ ઉગાય,
ઊંધો હલે ત અંધેરી;
'તેજ' ચેં ઑડ઼ો મનડ઼ો,
છાલ થીએ મ કેંસે વેરી !

## કચ્છી ચોવક - ૩૦

અરવીંદ રાજગોર (મોઃ ૯૯૮૭૯૬૫૭૯૮)



### કત્યો મિડ઼ે કપા થી વ્યો".

અજ ડાડાજી ગામમેં વ્યા હૂવા. ગામમેં મીં ગ઼ચ વઠો તેં સેં ગામમેં કઈક જિયાન થ્યો સે ન્યારેલા ડાડાજી વ્યા હૂવા.
ન્યારે ને ઘરેં આયા તડેં ગામજો જિયાન ડિસે ને ઇનીજે ધિલમેં ગ઼ચ ધોંખો થ્યો તે.
પુતરા ઘરેં આયા ને ડાડાજી કે ચ્યોં ડાડાજી અજ ગામમેં ગાલીયું થીયું તે,
"કત્યો મિડ઼ે કપા થી વ્યો" ઇતરે કુરો?
ડાડાજી ચ્યોં હી કચ્છી ચૉવક આય.
ડિસો અજ ગામમેં મીં વઠો તેં સેં કઈક ગામાઈયેં જો જિયાન થ્યો. કુંભારેં જે આખાડ઼ે મેં જુકો માલ હૂવો સે મિટી થી વ્યો કઈકેં જે ખેતરેં મેં ઉભા મોલ સડ઼ે વ્યા. ઘણેંજે ઘરેં મેં પાણી આયા ઇતરે ઇ પ વડો જિયાન થ્યો ઇતરે જુકો ભનલ વે ને ઊ ધૂડ઼ ધાણી થી વિએ તેં કે ચોવાજે "કત્યો મિડ઼ે કપા થી વ્યો" ડાડાજી પુતરેં કે ચૉવક જો અરથ સરચાંયોં ઇતરે પુતરા ચ્યોં અજ ઇન ચૉવક જો ભેડ અસીં સમજ્યાસીં.

## अज जी चोवक - ३१

### છઠ જી સાતમ ન થીયે

ભાવિ (વિધિનું લખેલું) મિથ્યા ન થાય

:: ભાવાર્થ ::

જે વિધિ દ્વારા નિર્માણ કરેલું છે
તેને કોણ ટાળી શકે ?

:: શબ્દાર્થ ::

છઠ જી- છઠ્ઠની ન થીયે - ન થાય

-: સંકલન :-

ડૉ. વિશન નાગડા તથા લક્ષ્મીચંદ ગોગરી
અજ જી ચોવક - ૩૧
ડૉ. વિસન નાગડા
(મોઃ ૯૮૨૦૪૫૬૮૯૯)

## શું તમે જાણો છો ?

# રતલામી સેવની સફર



રતલામનો સાખલેચા પરિવાર

નમકીન ભારતીય નાસ્તાનો એક ભાગ છે. 'રતલામી સેવ' ને આખી દુનિયામાં પસંદ કરવામાં આવે છે જેને ૨૦૧૪-૧૫ માં GI ટેગ મળેલો છે.


રતલામી સેવનું નામ મધ્ય પ્રદેશનાં રતલામનાં નામ ઉપરથી રાખવામાં આવ્યું છે જ્યાંથી એનો જન્મ થયો. રતલામી સેવની કહાની જાણવાં માટે ૨૦૦ વર્ષ પાછળ જઇએ તો ૧૯મી સદીમાં મુઘલ રાજવી પરિવારનાં લોકોએ માલવાની મુલાકાત લીધી જે દરમ્યાન તેઓ રતલામમાં રોકાયા હતાં. તે સમયે મુઘલ પરિવારનાં લોકો સેવૈયા ખાવાનું પસંદ કરતાં હતાં. રતલામમાં રહીને તેમને સેવૈયા ખાવાનું મન થયું પરંતુ અહીં એક સમસ્યા ઉભી થઈ. સેવૈયા ઘઉંમાંથી બનાવવામાં આવતી અને તે સમયે રતલામમાં ઘઉં ઉગાડવામાં આવતા ન હતાં. તે સમયે ઘઉંને શ્રીમંત લોકોનું અનાજ માનવામાં આવતું હતું. ત્યાંનાં સામાન્ય લોકો ચણા, બાજરી તથા જુવારનાં રોટલાં જ બનાવતા હતાં.

જ્યારે રાજવી પરિવારને સેવૈયા ન મળ્યું ત્યારે તેઓએ સ્થાનિક ભીલ સમુદાયને ચણાનાં લોટમાંથી સેવૈયા બનાવવાની વિનંતી કરી. ત્યારબાદ રતલામી સેવની પ્રથમ જાતની શોધ કરવામાં આવી. જેનું નામ ભીલ સમાજનાં નામ પરથી 'ભીલડી સેવ' રાખવામાં આવ્યું. બાદમાં તેમણે તેની સાથે પ્રયોગ કરીને મસાલા સાથે બનાવ્યું.

ત્યારબાદ ત્યાં સ્થાનિક લોકોએ તેનું વ્યવસાયિક ધોરણે ઉત્પાદન શરૂ કર્યું. રતલામનો સાખલેચા પરિવાર સેવનાં પ્રથમ વ્યાપારી ઉત્પાદકોમાંનો એક હતો. ૧૯૦૦ના દાયકાની શરૂઆતમાં શાંતિલાલ સાખલેચાએ તેમનાં પિતા કેસરમલ સાખલેચા સાથે મળીને પ્રથમ રતલામી સેવની દુકાન ખોલી હતી. ધીમે ધીમે તેમાં ઘણાં લોકો જોડાયા અને આજે ઘણી કંપનીઓ રતલામી સેવનું ઉત્પાદન કરીને લોકો સુધી પહોંચાડે છે.

૨૦૦ વર્ષ કરતાં જુની આ સેવ બજારમાં તે હવે અનેક ફ્લેવરમાં ઉપલબ્ધ છે જેમાં લવિંગ, હીંગ, કાળાં મરી, લસણ, પાઇનેપલ, ટામેટા, પાલક, ફુદીના, પોહા અને મેગીથી લઇને ચોકલેટ ફ્લેવરનો સમાવેશ થાય છે.

- ''ક્વોરા' પરથી


વડોદરાના કચ્છીઓનું સમાજ-દર્શન ને

અહીં ક્લિક કરો

નિયમિત રૂપે આપના મોબાઈલ પર મેળવવા ...


# વાંચો ને જાણો...

## ભારતની બ્રાન્ડ પારલેની 'મેંગો ફ્રુટી'



આ એક એવી એક ગુજરાતી યુવતીની વાત છે જેણે ૩૦૦ કરોડની બ્રાન્ડને ૮૦૦૦ કરોડની બ્રાન્ડ બનાવી દીધી. એ બ્રાન્ડ છે પારલેની 'મેંગો ફ્રુટી.' એ મહિલા (છોકરી) નું નામ નાદિયા ચૌહાણ.

૨૦૦૩માં ૧૭ વર્ષની ઉંમરે નાદિયા ચૌહાણ તેના પિતાના જૂથ 'પાર્લે એગ્રો'માં જોડાઇ હતી.

એક જ બ્રાન્ડ પર જ્યારે નફો, ટર્ન ઓવર આધારિત હોય ત્યારે ભવિષ્યના સંભવિત જોખમને નિવારવા માટે તેણે 'ફ્રુટી' પર કંપનીની નિર્ભરતા ઓછી કરવાનું નક્કી કર્યું. આ એક જોખમી પગલું હતું કેમ કે કંપનીના રેવન્યુમાં ૯૫% યોગદાન ફ્રુટી ધરાવતી હતી. આ રેવન્યુ સ્પ્રેડ વધારવા તેણે આઇકોનિક પેકેજ્ડ વોટર બ્રાન્ડ 'બેઇલીઝ' ને રિ-લોન્ચ કર્યું. તેને બધાના ધ્યાનમાં લાવવા તેનો ખૂબ પ્રચાર કરી અને વિસ્તરણ વધાર્યું. આજે હવે તે ૧૦૦૦ કરોડનો વ્યવસાય છે. હાઇવે પર ધાબા, હોટેલ, રેસ્ટોરન્ટ અને લાંબા અંતરના બસ ઓપરેટરો સાથે કરેલું ટાઇ-અપ ફળ્યું. પરિણામે, પારલે એગ્રો જૂથે તેનું ટર્નઓવર બમણું કરીને ૫૦૦૦ કરોડ ઉપર લાવી દીધું.

જો કે જેને ગેમ ચેન્જર કહી શકાય એ પગલું વર્ષ ૨૦૦૫માં લીધું, જ્યારે નાદિયાએ તેનું શ્રેષ્ઠ સર્જન એવું 'એપ્પી ફિઝ' લોન્ચ કર્યું. તે કંપનીનું સફરજનના જ્યુસ કેટેગરીમાં પ્રથમ પ્રોડક્ટ હતું. જ્યારે ભારત એપલના રસથી બહુ જાણકાર ન હતું. (આ પહેલા 'અપેલા' બ્રાન્ડ લોન્ચ થઇ હતી જે નિષ્ફળ ગઇ હતી.) આ એપ્પી ફિઝ ખૂબ ચાલ્યું અને ૩૬% ના કંપનીના ગ્રોથ રેટ સાથે આશ્ચર્યજનક રીતે એપલ જ્યુસ કેટેગરીમાં ૯૯% બજાર હિસ્સો ધરાવવા લાગ્યું.

અહીં જોવા જેવી વાત એ છે કે તેણે તેની ચેમ્પિયન પ્રોડક્ટ 'ફ્રુટી'ને તો કેન્દ્ર સ્થાને જ રાખી. ત્યારબાદ ફરીથી તેણે **Nutrizz** બ્રાન્ડ હેઠળ વિવિધ ફ્લેવર્સમાં **Frooti** લોન્ચ કરીને ડઊઝ બોટલમાં પેકેજિંગને ફરીથી બનાવ્યું જે આજની પ્રતિષ્ઠિત ફ્રૂટીની ઓળખ પ્રસ્થાપિત કરે છે.

તેણે બ્રાન્ડને પ્રમોટ કરવા માટે મિડિયાનો ભરપૂર ઉપયોગ કર્યો. યોગ્ય કલાકારો સાથે જાહેરાતો બનાવી. આલિયા ભટ્ટ ને રામ ચરણને ફંકી કપડા ને 'ફ્રુટી ફિઝ' નામની વિચિત્ર ફ્રુટી બોટલ્સ સાથે જાહેરાતોની સિરીઝ રજૂ કરી સાથે નવા ફ્લેવરનો પ્રચાર કરવાનું શરૂ કર્યું. ગણતરીના જોખમ સાથે ૩૦૦ કરોડનો જાહેરાત ખર્ચ ત્યારે માસ્ટરસ્ટ્રોક બન્યો જ્યારે ૨૦૦૦ કરોડથી વધુની રેવન્યુ જનરેટ થઇ.

ફ્રુટી આજે રેવન્યુમાં ૪૮% યોગદાન આપે છે. નાદિયાએ જે રીતે અનેક કેટેગરીમાં બિઝનેસનો વ્યાપ વધાર્યો તે પ્રશંસનીય છે. ગ્રાહકોના બદલાઇ રહેલ ટેસ્ટ, કાર્બોનેટેડ ઠંડા પીણાં પરથી લોકોની રૂચિ બદલાઇ રહી છે એનો અભ્યાસ, મૂળ પ્રોડક્ટ અને અસ્સલ સ્વરૂપ યથાવત રાખી નવા ફ્લેવર્સ, નવા પેકેજીંગ સાથે પ્રસ્તુત કરવાનું પગલું સફળતા માટે મહત્વપૂર્ણ પુરવાર થયું.

નાદિયા ચૌહાણ પ્રકાશભાઇ ચૌહાણની પુત્રી છે. 'બિસ્લરી' બ્રાન્ડ રમેશભાઈ ચૌહાણ પરિવાર સંભાળે છે. રમેશ અને પ્રકાશ એ જયંતિભાઈ ચૌહાણના પુત્રો છે જેમણે પારલે જુથની સ્થાપના કરી હતી.

'વીણેલાં ફૂલની ફોરમ' ના લેખક એટલે કે 'હરિશ્ચંદ્ર' એટલે કે બે સ્ત્રીઓ – ચંદ્રકાન્તા અને હરવિલાસ. બન્ને વિનોબાજીની શિષ્યાઓ તથા ભારતભરના લેખકોની સુંદર વાર્તાઓના ગુજરાતી અનુવાદ કરીને પ્રકાશિત કરનારી. આ વાર્તાઓને આપણા સુધી પહોંચાડનાર એટલે વર્ડપ્રેસના બ્લોગર અતુલ જાની (આગંતુક)ના પણ આપણે ખૂબ આભાર છીએ.

'વીણેલાં ફૂલની ફોરમ'

લેખક-હરિશ્ચંદ્ર

# ગાંડી બાની ડાહી વાત

(શ્રી દીપે ગોવારીકરની મરાઠી વાર્તાને આધારે)

મીના બધું કર્યા કરતી, પણ આજે કામકાજમાં એનું ચિત્ત ચોંટતું નહોતું. રાહુલનો પત્ર આવ્યો ત્યારથી એનું મન બેચેન-બેચેન બની ગયું હતું.

સાસુ છેલ્લા બેએક વરસથી માનસિક અસ્વસ્થતા અનુભવતાં હતા. આમ કશું નહીં, તદ્દન સાજાં- નરવાં. બોલે-ચાલે પણ નોર્મલ. પણ વચ્ચે-વચ્ચે એબ્નોર્મલ થઇ જાય. ત્યારે મોં- માથા વિનાનું બોલે. એકની એક વાત ફરી-ફરી કહ્યા કરે. થોડી વાર પહેલાંનું ભૂલી જાય.

હજી અડધો કલાક પહેલાં જ જમીને ઊઠ્યા હોય, છતાં કહી પાડે, 'વહુ, આજે મને ખાવાનું નથી આપવાનું ?'

મીના એમને પ્રેમથી સાચવતી, પણ આનો બોજ તો એના પર રહેતો. તેમાં આ એકના એક દીકરાનો આવો પત્ર આવ્યો !

રાહુલ લખે છે કે, 'મારી સાથે ભણેલી મીરાને મેં પસંદ કરી છે, અમારી ઈન્ટર્નશિપ પૂરી થતાં અમે લગ્ન કરીશું.'

મીનાની ખિન્નતા દૂર કરવા મનોજ એને મનાવતો રહ્યો, 'મીના, આમ દિલ ખાટું શું કામ કરી નાખે છે ?'

મીના નિશ્વાસ નાખતી બોલી, 'જ્યાં આપણો જ રૂપિયો ખોટો નીકળ્યો, ત્યાં કોને કહીએ !'

'પણ, દીકરો ખોટું શું કરે છે ? ગામડામાં જઇ દાક્તરી સેવા કરશે, તેનાથી તો આપણને ખુશી થવી જોઇએ.'

'શું કપાળ ખુશી ? મારો એકનો એક દિકરો ઘરજમાઇ થઇને મારાથી દૂર રહેશે, તેથી મને ખુશી થાય ?'

'એમ આડું શું કામ વિચારે છે ? રાહુલ પહેલેથી કહેતો કે મારે શહેરમાં દવાખાનું નથી ખોલવું, મારે તો ગામડામાં રહીને દાક્તરી સેવા આપવી છે. મીરાનાં માબાપ બંને દાક્ત છે, વરસોથી ગામડામાં રહીને બોરગાંવમાં સરસ મજાની હોસ્પિટલ ઊભી કરી છે. આવા સેવાભાવી દાક્તરી દંપતીની એકની એક દીકરી પરણી એ કામ સંભાળી લે, તે સ્વાભાવિક જ છે ને !'

મીના મૂંગી રહી. પણ એને મનમાં થઇ આવ્યું કે આવા સેવાભાવી માબાપની એકની એક દીકરી સાથે મારા એકના એક દીકરાનો પ્રેમ થવો જોઇતો નહોતો. દીકરી તો એને હતી નહીં. એને હોંશ હતી, વહુ આવશે એને દીકરીની જેમ રાખશે. ત્યાં આ દીકરોયે ઘરમાંથી ગયો !

મનોજે માને વાત કરી. પોતરાના લગ્નની વાત સાંભળતાં એ તો ખુશ-ખુશ થઈ ગઇ. છોકરીનું નામ શું, શું ભણી છે, ક્યાં રહે છે, માબાપ શું કરે છે, એમ બધું પૂછી લીધું. બોરગાંવ નદીકાંઠે એક નાનકડું ગામ છે એમ જાણ્યું, ત્યારે તો વળી વધુ ખુશ થઈ ગઈ.

પોતાનું પિયર આવા એક નાનકડા ગામમાં હતું, ત્યાં કેવી સરસ નદી હતી, વગેરે મીઠી યાદમાં પડી ગઈ. પછીયે લગ્નની વાત આવતાં હમેશાં ડાહી-ડાહી વાત જ કરે. મીનાને થયું, જે નિમિત્તે પોતે આટલી અસ્વસ્થ થઇ ગઇ છે, તે જ નિમિત્તે સાસુ સાવ સ્વસ્થ થઇ ગઇ !

રાહુલનો ફરી પત્ર આવ્યો કે, 'મીરાને અને એનાં માબાપને લઇને આવે છે. તમારા સહુનો પરિચય થાય તેમજ બધું નક્કી કરી લેવાય.'

પત્ર વાંચતાં મીના બબડી, 'શું નક્કી કરવાનું છે ? નક્કી તો તમે કરી જ નાખ્યું છે. અમારે હવે ડોકું હલાવવાનું, એટલું જ ને !'

છતાં કઠણ કાળજું કરી મીનાએ સ્વાગતની બધી તૈયારી દિલ દઇને કરી. વહુ માટે સરસ મજાની સાડીયે લઇ આવી અને સાસુને હોંશે-હોંશે બતાવી પણ ખરી. વહુ સામે આવી ત્યારે ઘડીભર તો એને ટીકી-ટીકીને જોતી રહી. પછી વહાલથી એને બાથમાં લઈ લીધી. એની આંખો ભરાઇ આવી. જાણે એની કલ્પનાની દીકરી જ એને મળી ગઈ ! એનાં માબાપ પણ બહુ જ પ્રેમાળ ને મિલનસાર. આ બધાં સાથે હળતાં-મળતાં મીને એકદમ હળવી થઇ ગઇ.

અને મીનાનાં સાસુ તો વેવાઇ-વેવાણ સાથે એવાં તો હળી-મળી ગયાં ! બસ, એમના ગામની જ વાતો કરતાં રહ્યાં. 'મને તમારે ગામ લઇ જશો ?' થોડીક અસંબદ્ધ વાતો પણ કરી. પરંતુ રાહુલે એમની માનસિક સ્થિતિ વિષે પહેલેથી કહી રાખેલું એટલે એ લોકોએ બહુ જ પ્રેમાળ ને સલુકાઈભર્યો વહેવાર એમની સાથે કર્યો. એ બધાં ગયાં, પછીયે ઘણા દિવસ સુધી સાસુ રાહુલનાં લગ્ન વિશે અને ગામ વિશે ખુશી-ખુશીથી વાતો કરતાં રહ્યાં.

એક દિવસ મીનાએ એમને પૂછ્યું, 'બા, તમને ખબર છે ? લગ્ન પછી મીરા આપણે ઘરે નથી આવવાની, રાહુલ જવાનો, આપણું ઘર છોડીને એમની સાથે રહેવા !'

'તેમાં શું થઇ ગયું ? છોકરીઓ નથી આવતી પોતાનું ઘર છોડીને ? તો ક્યાંક છોકરો છોકરીને ઘરે જાય, તેમાં શું બગડી ગયું ? અને એમના ગામમાં કેવી મજાની નદી છે !' કહેતાં બા ફરી પોતાના મનોરાજ્યમાં સરકી ગયાં.

સાંભળીને મીના સડક થઇ ગઇ. તેને થયું, ક્યારેક ગાંડા ગણાતા માણસો જ અસલ ડહાપણની વાત કહી દેતા હોય છે.

મનોજ આ વાતચીત સાંભળતો હતો. બોલ્યોઃ 'મીના, એક વરસમાં હું રિટાયર્ડ થઇશ. પછી આપણેય બોરગાંવમાં જઇને રહીએ તો ?'

સંમતિ સૂચક આંખે મીનાએ પતિ સામે જોયું. એના માથેથી બધો બોજ ઊતરી ગયો હતો અને મન મ્હોરી ઊઠ્યું હતું.

# ધૂળનાં પોટલાં

લેખક – અજ્ઞાત (ઈન્ટરનેટ પરથી)

એક પરિવાર હતો. એક શેઠને બે દીકરાઓ હતા. બેમાંથી મોટી પુત્રવધૂ સ્વછંદી અને ઉડાઉ હતી. તેથી થોડા જ સમયમાં તેમનો પરિવાર રોડ પર આવી ગયો. ખાવાના પણ સાંસા પડવા લાગ્યા. પરંતુ સૌથી નાની પુત્રવધૂ ખૂબ જ હોશિયાર. એક દિવસ એ નાની વહુએ સસરા, જેઠ અને પોતાના પતિને કહ્યું, પતમે મૂંઝાશો નહી. હું ચોક્કસ કંઈક રસ્તો કરીશ. તમને કામ નથી મળતું તો હું કરીશ. પણ એટલેથી પાર નહી આવે. તમે ત્રણેય એક કામ કરો. શહેરની દાણાપીઠમાં, સોનીબજારમાં અને હીરા બજારમાં જાઓ અને ત્યાંથી ધૂળના પોટલા ભરી લાવો.

ત્રણેત્રણ બાપ દીકરો જુદી જુદી જગાએ રાત્રે પહોંચી જવા લાગ્યા. દાણાપીઠમાંથી લાવેલાં ધૂળનાં પોટલાં ચાળી ચાળીને સ્ત્રીએ અનાજ ભેગું કર્યું. એક દિવસ એક એક રોટલો મળી રહે એટલું અનાજ મળ્યું અને બધાએ ખાધું. સોનાના દાગીના ઘડાતા હતા ત્યાંથી લાવેલી ધૂળ ચાળીને એમાંથી સોનાની ઝીણી ઝીણી કરચ કાઢી એ વેચી એમાંથી સારા એવા પૈસા ઊપજ્યા. એવી જ રીતે હીરા બજારની ધૂળ ચાળી ચાળીને એમાંથી પણ હીરાના કણ કાઢવાનો પ્રયાસ કર્યો. પણ કંઈ ના મળ્યું.

આખરે આ પ્રયોગ રોજ ચાલુ રહ્યો. થોડા જ સમયમાં સોનાની સારી એવી કરચ જમા થઈ ગઈ અને એક દિવસ નાનકડો, પણ કીમતી હીરો પણ ધૂળમાંથી નીકળ્યો. એ બંને વેચીને બાપ-દીકરાઓએ નવો ધંધો શરૂ કર્યો. મૂળ વાણિયા હતા. નાનકડા ધંધામાંથી થોડા જ સમયમાં મોટો ધંધો શરૂ થઈ ગયો. બે જ વર્ષમાં એ પરિવાર સેટલ થઈ ગયો. સારું એવું કમાતો અને શાંતિથી ખાતો હતો. આ પરિવાર બરબાદ થયો હતો સ્ત્રીઓમાં ચતુરાઈ નહોતી અને આબાદ પણ થયો હતો એક સ્ત્રીની ચતુરાઈને કારણે.

આ લોકકથા પરથી જ આપણે ત્યાં કહેવત પડી છે કે, 'ચતુર સ્ત્રી ધૂળમાંથી ધાન પેદા કરે છે, જ્યારે ફુવડ સ્ત્રી ધાનને ધૂળ કરીને ખાય છે.' સાર એ છે કે સ્ત્રીની ચતુરાઈને કારણે ઘરમાં સુખનાં સરોવર છલકાઈ શકે છે અને જો ચતુરાઈ ના હોય તો ઘરમાં દુઃખના દરિયા પણ છલકાઈ શકે છે.



## ચલતે... ચલતે...

ઐક બહેનને ત્યાં બપોરના સમયે ઐક ભિખારી ખાવાનું માગવા આવ્યો.

બહેને કહ્યુંઃ 'તમને ક્યાંક જોયા હોય ઐવું લાગે છે ?'

ભિખારીઐ કહ્યુંઃ 'મૅડમ સુનિતા ! આપણે ફૅસબુક પર ફ્રૅન્ડ્સ છીઐ !'

પતિઃ 'શું આખો દિવસ ઈન્ટરનેટ પર ચોંટી રહે છે..? ઐની બહાર પણ ઐક સુંદર દુનિયા છે ઐ જોવાનો પ્રયત્ન તો કર.'

પત્નીઃ 'સારું, લીન્ક મોકલો !'




ભારતમાં ઉનાળો ગરમ હોય છે. ઉનાળામાં ભારતના વિવિધ પ્રદેશોના અલગ-અલગ પ્રકારના ઠંડા પીણાનો ઉપયોગ ગરમીથી તથા લુથી બચવા થતો હોય છે. આ સ્થાનિક ઉનાળાના પીણાં શરીર માટે ખૂબ જ ઉપયોગી હોય છે તે અનેક સંશોધનો બાદ સાબિત થયેલ છે. અવનવા તથા આર્ટીફીશયલ ઠંડક પહોંચાડતા પીણાંઓ અનેક આડઅસરો સાથે શરીરને નુકશાન પહોંચાડે છે ત્યારે આવા નેચરલ ઓરીજીનલ પીણાં તરફ બધાએ ધ્યાન આપવું જોઇએ.


પન્નો:



પન્નો રાજસ્થાનના શોધ ગણાય છે. ઉનાળાની શરૂઆતથી જ કાચી કેરીમાંથી બનતું આ પીણું ખટમીઠો સ્વાદ ધરાવે છે. કેરીને ઉકાળી, તાજા ફુદીનાના પાન સાથે ઠંડક માટે મેળવવામાં આવે છે. સાથે તેમાં ભારતીય મસાલાઓ જેવા કે જીરું, એલચી, મરીના દાણા, આદુ નાખી બનાવવામાં આવે છે. આ પીણું દેશભરમાં પ્રખ્યાત થવાથી પ્રદેશ મુજબ તેની રેસીપી બદલાયા કરે છે. પણ ગમે તે હાથે તે એક એવું પીણું બને છે જે ઉનાળાની ભીષણ બપોર સાથે લડે છે.

ઠંડાઇ:

ઉત્તર પ્રદેશમાંથી ઉદભવેલ ઠંડાઇ આમ તો બદામનું એક મસાલેદાર પીણું છે જે પરંપરાગત રીતે હોળી જેવા તહેવાર



દરમિયાન પિવાય છે. પરંતુ આ તાજગી આપનાર પીણાંને વરિયાળી અને એલચી જેવા ઠંડક આપતા મસાલાને દૂધના ક્રીમી બેઝ સાથે ગુલાબની પાંખડીઓ, બીયાં અને બદામના મિશ્રણ સાથે જ્યારે બનાવાય છે ત્યારે તે શરીર માટે એક સ્વાદિષ્ટ પીણું બને છે જે હાઈડ્રેશન માટે છે. ઉનાળામાં ઠંડાઈ મસાલા અને મીઠાશ સાથે તમને સંતુલિત સ્વાસ્થ્ય પ્રદાન કરે છે.

કોકમ શરબત:



મુંબઈથી ગોવા સુધી ફેલાયેલા કોંકણ કિનારે, ઉનાળો તીખો, પશ્ચિમી સૂર્યના તાપથી તપે છે. આવા સમય માટે ત્યાં કોકમ શરબત એક અનોખું ઉનાળાનું પેય શોધાયેલ છે. અહીંના દરિયાકાંઠે વધુ ઉગતા કોકમ ફળ, જે તેના ઘેરા લાલ રંગ અને ખટાશભર્યા સ્વાદ માટે જાણીતું છે, તેની પેસ્ટ બનાવી ગોળ, એલચી, જીરા, મરી અને નમક સાથે ભેળવીને કોકમ શરબત તૈયાર કરાય છે. ઠંડા પાણીથી સાથે કોક શરબત ઠંડુ છતાં તીવ્ર અનોખા સ્વાદઅને ખટાસ સાથે ઉનાળાનું ઉત્તમ પીણું છે.

લસ્સી:



પંજાબના ખેતરોથી લઇને મુંબઇની ફાઇવ સ્ટાર હોટલો સુધી લસ્સીનો વ્યાપ ફેલાયેલ છે. ઉત્તર ભારતમાં ઉનાળાના પીણાં તરીકે તે નિર્વિવાદ રાજ કરે છે. તેની સ્મૂધી જેવી બનાવટ તથા દહીંની કુદરતી પ્રોબાયોટિક પ્રકૃતિ તેને ઠંડા ઠંડા કુલ બનાવે છે. પરંપરાગત રીતે દહીંમાં ખાંડ કે મીઠું, એલચી કે કેસર અને ક્યારેક ગુલાબજળ ભેળવીને બનાવવામાં આવતી લસ્સી હવે તો અનેક નવા નવા રૂપ ધારણ કરીને મળી રહી છે. તેની વૈવિધ્યતા એ છે કે તે દરેક ફળ સાથે કે અન્ય ચીજો સાથે ભળી જાય છે છતાં તેના મૂળ સ્વાદને છોડતી નથી પછી ભેલ તે મેન્ગો લસ્સી હોય કે ડ્રાયફ્રૂટ લસ્સી.

પીયૂષ:

મહારાષ્ટ્રમાં અને ગુજરાતના કેટલાક ભાગમાં લોકો ઉનાળાની બપોરે મોટાભાગે પીયૂષનો ગ્લાસ ચોક્કસથી પીવે છે. સંસ્કૃત શબ્દ 'પિયુષ' પરથી તેનું નામ ઉતરી આવ્યું છે, જેનો અર્થ 'અમૃત' થાય છે. કેસરી શ્રીખંડ, મીઠું દહીં, જાયફળ, એલચી અને કેસર સાથે મળીને તે એક સ્મુથ મસાલેદાર અમૃતમાં પરિવર્તિત થઇ જઇ ઉપર દળેલી ખાંડ અને ડ્રાયફ્રૂટના છંટકાવ કરી પિરસવામાં આવે છે ત્યારે ઉનાળાના ઉપાય તરીકે હોંશે હોંશે પીવાય છે.

સત્તુ:



બિહાર અને ઝારખંડમાં લોકપ્રિય, સત્તુ એ શેકેલા ચણાના લોટ કે શેકેલા ચણામાંથી બનેલું એક સરળ ઉનાળાનું પીણું છે. તેને સામાન્ય રીતે ઠંડા પાણી અને ખાંડ અથવા ગોળ સાથે ભેળવવામાં આવે છે જેથી મીઠાશ આવે. તેમાં કાળું મીઠું અને લીંબુ ઉમેરવાથી તે વધુ સ્વાદિષ્ટ બને છે. ગરમીમાં ઉર્જા વધારવા અને ભૂખ વધારવા માટે સત્તુ જાણીતું પેય છે જેનો ઉનાળાના દિવસોમાં તેનો ખૂબ જ ઉપયોગ થાય છે. તે એક અસરકારક તાજગી આપતું પીણું છે જે એક સારા કુલર જેવું કામ કરે છે.

પનાકમ:



પરંપરાગત રીતે દક્ષિણ ભારતીય મંદિરોમાં સાંસ્કૃતિક ધાર્મિક વિધિઓનો ભાગ બનતું પનાકમ ખાસ સ્થાન ધરાવે છે. ગોળ, કાળા મરી, એલચી, આદુ પાવડર અને પાણીથી બનતું પનાકમ એક સુગંધિત પીણું છે જેમાં તુલસી પણ ઉમેરાય છે. પનકમ ઉનાળાની ગરમીનો સામનો કરવાની સાથે પાચન માટે પર લાભકારી છે. મીઠાશ અને મસાલાના અનોખા સંતુલન સાથે પનકમ તાજગી આપનાર એક પ્રિય પીણું છે.

કુલુક્કી સરબથ:



કેરળમાં લોકપ્રિય, કુલુક્કી સરબથ એક તાજગી આપતું પીણું છે જે મીઠા, મસાલેદાર અને ખટાસનું સંગમ છે. તે લીંબુના રસ, લીલા મરચાં, તકમરીયાં, ખાંડની ચાસણી, મીઠું, પાણી અને બરફની સાથે બને છે. તેમાં તુલસી ઠંડક ઉમેરે છે તો લીલા મરચાં અલગ ટેસ્ટ આપે છે. તે એક બોલ્ડ, તાજગી આપતું પીણું છે જે કેરળના ભેજવાળા, ગરમ ઉનાળામાં ઘણું સંતુલન પ્રદાન કરે છે.